## ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, મહાદેવ દેસાઈ, સમાજ સેવા સંકુલ
## ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**વિભાગ વિશે:**

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય દ્વારા ઈ.સ. ૧૯૮૬ થી M.L.I.Sc. (માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સનો) અભ્યાસક્રમ શરુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઈ.સ. ૧૯૮૮ થી B.L.I.Sc. (બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સનો) અભ્યાસક્રમ શરુ કરવામાં આવ્યો હતો. તેમજ ૧૯૯૩ થી M.Phil. (અનુપારંગત) નો અભ્યાસક્રમ શરુ કરવામાં આવ્યો હતો. ૧૯૯૯ માં PH.D.(વિદ્યાવાચસ્પતિ) નો અભ્યાસક્રમ શરુ કરવામાં આવ્યો હતો. સમયાનુસાર વિભાગનો વિકાસ ઉતરોતર વધતો ગયો અને આ વિભાગ ધબકતો વિભાગ થઈ ગયો.

વિભાગ દ્વારા ઉત્તમ ગ્રંથપાલ તૈયાર થયા છે જે વિવિધ શાળા કોલેજો , યુનિવર્સીટીઓ માં સેવા બજાવે છે તેમજ વિભાગ દ્વારા ઉત્તમ અધ્યાપકો પણ તૈયાર થયા છે. જે વિવિધ યુનિવર્સીટીના વિભાગોમાં ફરજ બજાવે છે. વિવિધ સરકારી ખાતા અને સંસ્થાઓમાં પણ વિદ્યાર્થીઓ રોજગાર મેળવે છે.

**અભ્યાસક્રમ દ્વારા નોકરી ની તકો :**

ગુજરાત વિદ્યાપીઠ મહાત્મા ગાંધી સ્થાપિત છે. તેથી શિક્ષણમાં ગાંધીના મૂલ્યોનો સરસ રીતે સમાવેશ થાય છે .વિદ્યાર્થીઓ ઔપચારિક શિક્ષણ સાથે અનોપચારિક શિક્ષણ, સમૂહજીવન, ઉદ્યોગ, વગેરેનું શિક્ષણ મેળવીને સારી જગ્યાએ નોકરી તેમજ રોજગારી મેળવી શકે છે .

ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનમાં અભ્યાસ કરનાર વિધ્યાર્થીને શાળા –કોલેજ- યુનિવર્સીટી કક્ષાએ નોકરી મળે છે . તેમજ કોર્ટ, સરકારી ખાતા , ગ્રંથાલય ખાતું વગેરેમાં ઉતમ તકો રહેલી છે. ઔધોગિક ક્ષેત્રે પણ રોજગારીની તકો રહેલી છે. અધ્યાપન કાર્યમાં  રસ ધરાવનાર વિધાર્થી માટે અધ્યાપક તરીકેની નોકરીની તકો પણ છે .

NGO, જેવી કે UNESCO, UNO, WHO વગેરે જેવી સંસ્થાઓમાં રોજગારી ની તકો રહેલી છે. જ્યાં ગ્રંથાલય માહિતીકેન્દ્ર ત્યાં વિદ્યાર્થીઓ માટે રોજગારીની ઉતમ તકો

રહેલી છે. જ્ઞાન  અને માહિતીના યુગમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનો વિદ્યાર્થી બેકાર ન રહે.

**વિભાગ દ્વારા ચાલતા અભ્યાસક્રમો:**

B.L.I.Sc. (બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ)

M.L.I.Sc. (માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ)

M.Phil. (અનુપારંગત)

PH.D.(વિદ્યાવાચસ્પતિ)

**વિભાગના અધ્યાપકો :**

૧. ડૉ. પ્રયતકર કાનડિયા

**મુલાકાતી અધ્યાપકો :**

૧. ડૉ. અતુલ અકબરી (ગુજરાત વિદ્યાપીઠ) તથા અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાના અધ્યાપકો

**પ્રવેશ પ્રક્રિયા :**

૨૦૨૦-૨૧ નાં વર્ષ માં B.L.I.Sc. (બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ) માં પ્રવેશ મેળવવા માટે કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક થયેલ વિધાર્થીને ઓછામાં ઓછા ૪૦ % ગુણ હોવા જોઈએ . M.L.I.Sc. (માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ)  માં પ્રવેશ મેળવવા B.L.I.Sc. ફરજીયાત રીતે કરેલું હોવું જોઈએ. Online પ્રવેશ માટે www. Gujratvidhyapith.org ઉપર જઈને પ્રવેશ ફોર્મ ભરી શકાશે.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ